# BUSINESS મિત્ર

# ઈરાન પર અમેરિકાના એરસ્ટ્રાઈકથી ગ્લોબલ માર્કેટ ધ્રુજ્યું

**વોલસ્ટ્રીટ** વાયદામાં એક ટકાનો ઘટાડા સાથે ચાલી રહ્યા છે

**એશિયન** શેરોમાં કડાકો, ક્રૂડ ઉછળ્યું
વોલ સ્ટ્રીટ ફ્યુચર્સ તૂટ્યા; હોર્મુઝની ખાડીમાં તણાવ વધતાં તેલ બજાર ગરમાયું, ભારતમાં રજા હોવાથી બજાર બચ્યું

**મુંબઈ, તા. 28:** ઈરાન પરના નવા યુએસ હુમલા બાદ આજે એશિયન શેરમાં ઘટાડો થયો હતો. જ્યારે વોલ સ્ટ્રીટ ફ્યુચર્સ સવારના વેપારમાં એક ટકા જેટલો ઘટાડો થયો હતો. જોકે, ભારતીય શેરબજાર બકરી ઈદના કારણે જાહેર રજા હોવાથી બંધ રહ્યા હતા.

અમેરિકી અધિકારીઓએ જણાવ્યું હતું કે સેન્ટ્રલ કમાન્ડ ફોર્સે હોર્મુઝની ખાડી નજીક ખતરો ઉભો કરનાર ચાર ઈરાની વન-વે એટેક ડ્રોનને તોડી પાડ્યા હતા. અમેરિકી સેનાએ બંદર અબ્બાસમાં ઈરાની ગ્રાઉન્ડ કંટ્રોલ સ્ટેશન પર પણ હુમલો કર્યો હતો જે પાંચમા ડ્રોન લોન્ચ કરવાની તૈયારી કરી રહ્યો હતો.

આ દરમિયાન અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે ઈરાન વાટાઘાટો કરી રહ્યું છે અને કહ્યું હતું કે અમેરિકામાં નવેમ્બરમાં યોજાનારી મધ્યસત્રની ચૂંટણી તેમને લગભગ ત્રણ મહિના જૂના સંઘર્ષને સમાપ્ત કરવા માટે ઉતાવળમાં સોદો કરવા માટે દબાણ કરશે નહીં.

ભારતીય સમય પ્રમાણે સવારે 11 વાગ્યાની આસપાસ નાસ્ડેક વાયદો 0.9 ટકા ઘટ્યો હતો. એસએન્ડપી 500 ફ્યુચર્સ 0.41 ટકા અને ડાઉ જોન્સ ફ્યુચર્સ 0.21 ટકા ઘટ્યા હતા, જે યુએસ માર્કેટની નબળી શરૂઆત સૂચવે છે.

અમેરિકી સૈન્યએ ઈરાન સામે રક્ષણાત્મક હુમલાની હાકલ કરી હતી, જે પછી એશિયાના બજારમાં મોટાભાગનો ઘટાડો જોવા મળ્યો હતો. એક દિવસ પહેલા તીવ્ર ઘટાડા બાદ ક્રુડના ભાવમાં પણ બેરલ દીઠ એક ડોલરથી વધુનો વધારો થયો છે.

એશિયાના પ્રારંભિક વેપારમાં જાપાનનો નિક્કી 0.1 ટકાથી ઓછો વધીને 65039.78 અને દક્ષિણ કોરિયાનો કોસ્પી 1.2 ટકા ઘટીને 8126.67 પર બંધ રહ્યો હતો. હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 1.9 ટકા ઘટીને 24855.86 પર બંધ રહ્યો છે, જ્યારે ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 0.3 ટકા ઘટીને 4080 પર બંધ રહ્યો છે.

ગઈકાલે ક્રુડ ઓઈલના ભાવમાં 4 ટકાથી વધુનો ઘટાડો થયા બાદ યુએસ શેરો નવી રેકોર્ડ ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જેના કારણે વિશ્વભરના ગ્રાહકો અને વ્યવસાયો પરનું દબાણ હળવું થયું હતું.

યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈરાન વચ્ચે યુદ્ધવિરામ ચાલુ રહ્યા પછી બ્રેન્ટ ક્રૂડ ઓઈલના ભાવ 4.6 ટકા ઘટીને 92.25 ડોલર પ્રતિ બેરલ પર પહોંચ્યા હતા. જો કે, આજે બ્રેન્ટ ક્રૂડ પ્રારંભિક ટ્રેડિંગમાં 1.70 ડોલર વધીને 93.95 ડોલર પ્રતિ બેરલ પર પહોંચ્યો હતો.

## વેદાન્તાના ડિમર્જર બાદ ચારેય કંપનીઓ જુનમાં લિસ્ટ થશે

**ડિમર્જર** પ્રક્રિયા અંતિમ તબક્કામાં; પાંચ ભાગમાં વહેંચાશે બિઝનેસ

મુંબઈ, તા. 28: ડિમર્જર બાદ વેદાન્તા લિ.થી અલગ થનારી ચાર કંપનીઓ આવતા મહિને એટલે કે જુનમાં શેરબજારમાં લિસ્ટ થશે. વેદાન્તા ગ્રુપના ચેરમેન અનિલ અગ્રવાલે આપેલા એક ઈન્ટરવ્યુમાં પુષ્ટિ કરી છે. વેદાન્તા લિ. તેની ડિમર્જર યોનજા હેઠળ પાંચ કંપનીઓમાં વહેંચાઈ રહી છે. ડિમર્જર બાદ બેઝ મેટલ બિઝનેસ વેદાન્તા લિ. હેઠળ રહેશે. વેદાન્તા એલ્યુમિનિયમ, તલવંડી, સાબો પાવર, વેદાન્તા સ્ટીલ એન્ડ આર્યન અને માલ્કો એનર્જી બાકીની ચાર કંપનીઓ હશે. આને અલગથી લિસ્ટ કરવામાં આવશે.

જણાવી દઈએ કે વેદાન્તા લિ.ના શેરોએ ડિમર્જર અનુસાર એડજસ્ટ કર્યા પછી 30 એપ્રિલ 2026થી ટ્રેડિંગ શરૂ કર્યુ છે. 20 એપ્રિલે બીએસઈ પર રૂ. 290.50 અને એનએસઈ પર રૂ. 289.50ના એડજસ્ટેડ ભાવે ટ્રેડિંગ શરૂ તયો હતો. શેરની એડજસ્ટેડ કિંમત નક્કી કરવા માટે એનએઈસ અને બીએસઈ પર વિશેષ પ્રી ઓપનીંગ સત્ર યોજાયું હતું.

અનલિ અગ્રવાલના જણાવ્યા અનુસાર કંપની હાલમાં દર વર્ષે 30 લાખ ટન એલ્યુમિનિયમનું ઉત્પાદન કરે છે અને આગામી ત્રણ વર્ષમાં 60 લાખ ટન એલ્યુમિનિયમનું ઉત્પાદન કરવાનું લક્ષ્ય ધરાવે છે. તે ખાનગી ક્ષેત્રમાં વિશ્વની સૌથી મોટી એલ્યુમિનિયમ કંપની બનશે. આ જુથ ઔદ્યોગિક પાર્ક મોડેલ દ્વારા 1000 ડાઉનસ્ટ્રીમ ઉદ્યોગો વિકસાવવાની પણ યોજના ધરાવે છે. આ ઉપરાંત, વેદાન્તા આગામી ત્રણથી પાંચ વર્ષ દરરોજ પાંચ લાખ બેરલ ઓઈલ ઉત્પાદનના લક્ષ્યને પ્રાપ્ત કરવાની યોજના ધરાવે છ. જેના માટે કંપની 5 અબજ ડોલરનું રોકાણ કરશે. જ્યારે વેદાન્તા પાવર 4000 મેગાવોટ વીજળી ઉત્પન્ન કરી રહ્યો છે. 20 હજાર મેગાવોટ સુધી પહોંચવાનો લક્ષ્ય છે. તેવી જ રીતે સકુલ 40 લાખ ટન સ્ટીલનું ઉત્પાદન કરે છે, જેમાંથી 30 લાખ ટન તેના મુખ્ય પ્લાન્ટમાં અને 10 લાખ ટન ગોવામાં ઉત્પાદન થાય છે. જેમાં 15 મિલિયન ટન ગ્રીન, ઈલેક્ટ્રીકલ અથવા સ્પેશ્યાલિટી સ્ટીલનું ઉત્પાદન કરવાનો લક્ષ્યાંક છે. વેદાન્તા જુથ તમામ બિઝનેસમાં કુલ 20 અબજ ડોલરનું રોકાણ કરવાની યોજના ધરાવે છે.

## ગિફ્ટ નિફ્ટી 1.7 ટકા તૂટી, આજે ગેપડાઉન ખુલશે

**રોકાણકારોને** ડર છે કે જો તણાવ વધુ વધશે તો ક્રુડ ઓઇલના પુરવઠા પર અસર પડી શકે છે

**મુંબઈ, તા. 28:** મીડલ ઈસ્ટમાં વધતા તણાવની અસર ફરી એકવાર ભારતીય શેરબજારમાં જોવા મળી શકે છે. ઈરાનમાં સૈન્ય મથક પર અમેરિકા દ્વારા તાજેતરના હવાઈ હુમલા બાદ રોકાણકારોની ચિંતામાં વધારો તયો છે. જેની સીધી અસર ગિફ્ટ નિફ્ટી પર જોવા મળી હતી, જે 1.7 ટકાનો તીવ્ર ઘટાડા સાથે 23580 પોઈન્ટ પર આવી ગયો હતો. જેના લીધે આવતીકાલે શેરબજાર મોટા ઘટાડા સાથે ખુલી શકે છે. જોકે, તણાવ વચ્ચે પણ અમેરિકા અને ઈરાન વચ્ચે છેલ્લા ત્રણ મહિનાથી ચાલી રહેલા સંઘર્ષનો અંત લાવવા માટે વાતચીત ચાલુ છે.

દરમ્યાન ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડસે દાવો કર્યો હતો કે, તેઓએ સ્થાનિક સમય મુજબ સવારે 4.50 કલાકે યુએસ એરબેઝને નિશાન બનાવ્યું હતું. ઈરાનની અર્ધ સરકારી સમાચાર એજન્સી તસ્નીમના જણાવ્યા અનુસાર આઈઆરજીસીએ હુમલાની પુષ્ટિ કરી છે, પરંતુ એરબેઝના સ્થાનનો ખુલાસો કર્યો નથી. તે જ સમયે યુએસ અદિખારીઓનું કહેવું છે કે, સેન્ટ્રલ કમાન્ડના દળોએ હોર્મુઝ સ્ટ્રેટની નજીક ધમકી આફી રહેલા ચાર ઈરાની ડ્રોનને તોડી પાડ્યા હતા. આ સિવાય અમેરિકી સેનાએ બંદર અબ્બાસમાં ઈરાની ગ્રાઉન્ડ કન્ટ્રોલ સ્ટેશન પર પણ હુમલો કર્યો હતો, જ્યાંથી પાંચમા ડ્રોન લોન્ચ કરવાની તૈયારીઓ ચાલી રહી હતી.

મીડલ ઈસ્ટમાં વધતા તણાવની અસર આંતરરાષ્ટ્રીય ક્રુડ ઓઈલ માર્કેટ પર પણ જોવા મળી હતી. રોકાણકારોને ડર છે કે જો તણાવ વધુ વધશે તો ક્રુડ ઓઈલના પુરવઠા પર અસર પડી શકે છે. આ કારણોસર બ્રેન્ટ ક્રુડની કિંમત 3 ટકાથી વધુ વધીને 97.29 ડોલર પ્રતિ બેરલ થઈ ગઈ છે. તેજ સમયે યુએસ ડબલ્યુટીઆઈ ક્રુડ પણ 3.42 ટકા વધીને 91.71 ડોલર પ્રતિ બેરલ થયું હતું. અત્રે એ ઉલ્લેખનીય છે કે, આજરોજ બકરી ઈદના કારણે ભારતીય શેરબજાર ટ્રેડિંગ કરી રહ્યું નથી. એનએસઈ અને બીએસઈ બંનેમાં બકરી ઈદ પર રજા હતી. આ પહેલા 1લી મેના રોજ મહારાષ્ટ્ર દિવસને કારણે શેરબજાર બંધ હતું.

## મોંઘું તેલ અને સોનું વધારશે આર્થિક ચિંતા

**ભારતનું** બાહ્ય સંતુલન જોખમમાં

**૨ ટકાને** વટાવી શકે છે કરંટ એકાઉન્ટ ડેફિસિટ

મુંબઈ, તા. 28: મોંઘા ક્રૂડ ઓઈલ અને સોનાની સતત વધતી આયાતને કારણે ભારતની કરંટ એકાઉન્ટ ડેફિસિટ (CAD) નાણાકીય વર્ષ ૨૦૨૭માં જીડીપીના ૨ ટકાને વટાવી જવાની અર્થશાસ્ત્રીઓએ ચેતવણી આપી છે. બાર્કલેઝ અને એમકે ગ્લોબલના મતે, જો વૈશ્વિક બજારમાં બ્રેન્ટ ક્રૂડના ભાવ પ્રતિ બેરલ $૧૦૦ થી $૧૧૦ આસપાસ રહેશે, તો આ ખાધ નિયંત્રણ બહાર જઈ શકે છે. એપ્રિલમાં વેપાર ખાધ વધીને $૨૮.૪ બિલિયન થઈ ગઈ છે.

સરકારે સોના-ચાંદી પર આયાત ડ્યુટી ૬% થી વધારીને ૧૫% કરવા જેવા કડક પગલાં લીધા છે. આમ છતાં, આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાના સતત વધતા ભાવોને કારણે આયાત બિલ ઊંચું જ રહેશે. એપ્રિલમાં સોનાની આયાતમાં વાર્ષિક ધોરણે ૮૧.૭ ટકાનો તોતિંગ ઉછાળો નોંધાયો છે, જે સ્થાનિક સ્તરે માંગ ઘટાડવાના સરકારી પ્રયાસોની અસરને ઓછી કરે છે.

વિદેશી ભંડોળ સતત બહાર જવાને કારણે ભારતીય રૂપિયો ડોલર સામે ૯૬.૫-૯૭ ની ઐતિહાસિક નીચી સપાટીએ પહોંચ્યો છે. બાર્કલેઝના મતે, માત્ર આયાત પર નિયંત્રણ પૂરતું નથી; ચુકવણીના દબાણને હળવું કરવા માટે વિદેશી મૂડી પ્રવાહ વધારવો જરૂરી છે. આ માટે સરકારી બેંકોને વિદેશી ચલણ બોન્ડ બહાર પાડવાની મંજૂરી આપવા જેવા નીતિગત પગલાં લેવા અનિવાર્ય બન્યા છે.

## પશ્ચિમ એશિયાના સંકટથી ભારતથી ઈંડાની નિકાસને ફટકો

મુંબઈ, તા. 28: પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવને કારણે ભારતના મરઘાં (પોલ્ટ્રી) નિકાસ બજારમાં ભારે કટોકટી સર્જાઈ છે. માર્ચ મહિનામાં ભારતના મરઘાં ઉત્પાદનોની કુલ નિકાસમાં ૨૦% નો ઘટાડો થયો છે, જેમાં મુખ્ય બજાર એવા યુએઈમાં ૧૯% અને ઓમાનમાં નિકાસ અંદાજે ૯૦% થી વધુ ઘટી ગઈ છે. નાણાકીય વર્ષ ૨૦૨૬માં ભારતની ૮૨% થી વધુ ઈંડાની નિકાસ ગલ્ફ દેશોમાં થતી હતી, જે નૂર ખર્ચમાં વધારો અને શિપિંગ રૂટ ખોરવાતા અટકી પડી છે.

તામિલનાડુનો મુખ્ય નમક્કલ મરઘાં પટ્ટો આ સંકટથી સૌથી વધુ પ્રભાવિત થયો છે.

## ભારતમાં મે મહિનામાં ક્રુડ ઓઇલની 11 ટકા આયાત વધી

**રશિયાથી** ક્રુડ ઓઇલની આયાતમાં વધારો કરાયો, 23 ટકા વધીને 1.9 મિલિયન બેરલ થઇ

**નવી દિલ્હી, તા. 28:** ભારતની ક્રુડ આયાતમાં વધારો થયો છે, જે મહિનામાં ભારતની ક્રુડ ઓઈલની આયાત 11 ટકા વધીને 50 લાખ બેરલ પ્રતિ દિવસ થઈ ગઈ છે. કારણ કે વિશ્વના ત્રીજા સૌથી મોટા ગ્રાહકે રશિયા અને વેનેઝુએલાથી ખરીદીમાં વધારો કર્યો છે. આઈ ઈન્ટેક મે મહિના માટે અત્યાર સુધીમાં સૌથી વધુ વોલ્યુમ બનવાના માર્ગ પર છે, જે એપ્રિલના 4.5 મિલિયન બીપીડીથી તીવ્ર વધારો દર્શાવે છે.

મે મહિનામાં ભારતની ક્રુડ આયાત પણ મજબૂત રહી છે. જ્યારે 2025ની સરેરાશ 4.8 મિલિયન બીપીડીની આસપાસ હતી. ત્યારે મે આયાત હાલમાં 5 એમબીડીની નજીક ટ્રેક કરી રહી છે, જે મે મહિનામાં અત્યાર સુધીની સૌથી વધુ માસિક આયાત છે.

ભારતે રશિયામાંથી 23 ટકા વધીને 1.9 મિલિયન બેરલ કરી છે. યુએઈ દરરોજ 5.40 લાખ બેરલ સાથે બીજા ક્રમનું સૌથી મોટું સપ્લાયર હતું, ત્યારબાદ સાઉદી અરેબિયા 3.98 બીપીડી સાથે બીજા ક્રમે છે. જોકે, યુએઈથી આયાત એપ્રિલથી 4 ટકા ઓછી હતી અને જ્યારે હોર્મુઝ સ્ટ્રેટના અંતરાયના કારણે સાઉદથી 41 ટકાનો ઘટાડો નોંધાયો છે. બીજી તરફ, રશિયા સૌથી મોટો ક્રુડ ઓઈલ સપ્લાયર રહ્યો છે, ત્યારે વેનેઝુએલા, યુએસ ઓમાન, બ્રાઝિલ અને અંગોલા પાસેથી તેની ખરીદીમાં વધારો કર્યો છે. જેથી યુદ્ધગ્રસ્ત પશ્ચિમ એશિયાથી સપ્લાયમાં વિક્ષેપ વચ્ચે સોર્સીંગમાં વિવિધતા લાવી શકાય.

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | રૂા. | ૭૫/૩૬ '' | ૧૩૭.૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૭૦ | ૫૦/૩૬ '' | ૧૪૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૫૧ |
| ૩૦/૩૬ એફ્ડી | ૨૭૭ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફ્ડીવાય | ૧૪૩ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૨ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૪૪ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૮ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૪૨ | ૧૦૦ ટેક્ષ | ૧૪૦ | ૬૮ ક્રિમ્પ | ૧૪૭ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૪૩ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૪૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૫ | ૭૫ ક્રિમ્પ | ૧૪૨ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૫૧ | ૮૦ ક્રિમ્પ | ૧૪૦ |
| ૮૦/૭૨ રોટો. | ૧૪૨ | ૧૬૦ ડીસ્કેટ | ૧૫૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૩.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૪૩ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૯ | ૮૦/૧૦૮ '' | ૧૪૩.૫ | ૩૦/૩૬ એફ્ડી | --- |
| | | | | TPM | ૧૪૨.૫ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૯૫૦ | કોપરેલ | ૪૮૫૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૭૦૦ | વનસ્પતિ ઘી | ૨૬૦૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૯૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૭૮૦ | તલતેલ | ૪૬૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૫૪૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૮૦ | મકાઇ તેલ | ૨૩૬૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)


| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૯૩૩૫ |
| તેજાબી સોનું | ૧૫૯૨૪૫ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૧૩૭૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૬૧૫૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૯૩૩૫૦ |
| ચાંદી (૯૯૯) | ૨૬૬૭૦૦ |
| ચાંદી સિક્કા | ૨૬૮૨૦૦ |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૫૦૦ |
| એમ-30 | ૪૪૫૦ |
| એસ-30 | ૪૪૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૩૫૦ |
| એસ-30 | ૪૩૦૦ |

# ભદ્ર લોકોની માનીતી દિલ્હી જિમખાના ક્લબની ૨૭.૩ એકર જમીન ખાલસા કરવામાં આવશે



**ટુ ધ પોઈન્ટ** ▪ સંજય વોરા ▪

લુટિયન્સ દિલ્હીમાં ભદ્ર લોકોનું સ્ટેટસ સિમ્બોલ ગણાતી જીમખાના ક્લબની જમીન ખાલી કરવાના સરકારી આદેશને કારણે ભારે વિવાદ પેદા થયો છે. કેન્દ્ર સરકારે વડા પ્રધાનના સત્તાવાર નિવાસસ્થાનની તદ્દન નજીક આવેલી દિલ્હી જીમખાના ક્લબને ૫ જૂન સુધીમાં ૨૭.૩ એકર જમીન ખાલી કરવા માટે નોટિસ જારી કરી છે. નોટિસ મળ્યાના બીજા દિવસે દિલ્હી જિમખાના ક્લબે દિલ્હી હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો અને વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ તાત્કાલિક સુનાવણીની માંગણી કરી હતી. કેન્દ્ર સરકારનું પ્રતિનિધિત્વ કરતાં સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે જો ક્લબ ૫મી જૂને સ્વેચ્છાએ જગ્યા ખાલી ન કરે તો પણ કાનૂની પ્રક્રિયાનું પાલન ન થાય ત્યાં સુધી કબજો લેવામાં આવશે નહીં. કોર્ટે અરજદારના વકીલને જણાવ્યું હતું કે જમીન છીનવી લેવામાં આવે તો પણ ક્લબના સભ્યો તેમનું સભ્યપદ જાળવી રાખશે. એસજી તુષાર મહેતાએ કોર્ટને જણાવ્યું હતું કે અરજદારને બીજી જમીન આપવામાં આવશે. હાઈકોર્ટે કેન્દ્ર સરકારને આઠ અઠવાડિયામાં જવાબ દાખલ કરવાનો આદેશ આપ્યો છે.

૧૯૧૧માં રાજા જ્યોર્જ પાંચમાએ જાહેરાત કરી કે બ્રિટિશ ભારતની રાજધાની કલકત્તાથી દિલ્હી ખસેડવામાં આવશે. તેના પરિણામે હજારો બ્રિટિશ અધિકારીઓ દિલ્હી આવ્યા હતા. તેમને એવી જગ્યાની જરૂર હતી, જ્યાં તેઓ સાંજે બેસી શકે, પોલો રમી શકે અને ભારતના શાસન વિશે નિર્ણયો લઈ શકે. ૩ જુલાઈ, ૧૯૧૩ના રોજ ઇમ્પિરિયલ દિલ્હી જીમખાના ક્લબનો જન્મ થયો. ૧૯૨૮માં સરકારે ૨૭.૩ એકર જમીન વાર્ષિક રૂ. ૧,૦૦૦ના ભાવે ભાડે આપી હતી. તેના પર આ ઇમારત ૧૯૩૦ના દાયકામાં બનાવવામાં આવી હતી. ૧૯૪૭માં જ્યારે ભારતને આઝાદી મળી અને અંગ્રેજો ગયા ત્યારે ક્લબના નામમાંથી ઈમ્પિરિયલ શબ્દ દૂર કરવામાં આવ્યો હતો. ગોરા અમલદારોની જગ્યાએ શાસનમાં વગ ધરાવતાં ભારતીય પ્રભાવશાળી લોકો તેનાં સભ્યો બન્યાં હતાં. આ જમીન દિલ્હીના હૃદયમાં આવેલી છે, જ્યાં એક એકરની કિંમત હજારો કરોડ રૂપિયા છે.

આ ક્લબમાં ક્યારેય રમતગમતનું મેદાન નહોતું. ૨૦૧૪-૧૫ અને ૨૦૧૮-૧૯ વચ્ચે ક્લબનો રમતગમત પરનો કુલ ખર્ચ ફક્ત ૨.૭૭ ટકા હતો. બાકીનો ખર્ચ કેટરિંગ, વાઇન અને સિગારેટ પર કરવામાં આવ્યો હતો. રમતગમતના નામે જમીન માંગવામાં આવી હતી, પરંતુ રમતગમત પર ખાસ કંઈ ખર્ચ કરવામાં આવ્યો ન હતો. ક્લબના સભ્યપદ માટે લોકો ૩૭ વર્ષ સુધી રાહ જોવાની યાદીમાં રહ્યા હતા. સભ્યપદ ફક્ત તે લોકોના પરિવારના સભ્યોને જ આપવામાં આવતું હતું જેઓ પહેલાથી જ ક્લબના સભ્ય હતા. સભ્યપદ માટે લોકો પાસેથી કરોડો રૂપિયા લેવામાં આવ્યા હતા, પરંતુ પરત કરવામાં આવ્યા ન હતા. કોર્પોરેટ માટે સભ્યપદ ફી ૧૫ થી ૨૦ લાખ રૂપિયા હતી અને રાહ જોવાની યાદીમાં બેઠેલા હજારો લોકો પાસેથી ૪૪ કરોડ રૂપિયાથી વધુ વસૂલવામાં આવ્યા હતા, જે પરત ન કરી શકાય તેવા હતા. રાહ જોવાની યાદીમાં રહેલાં લોકોને બિલકુલ સભ્યપદ મળ્યું ન હતું. ક્લબમાં સભ્યપદ મેળવવા માટે ૪૦-૪૦-૨૦નો નિયમ હતો. ૪૦ ટકા બેઠકો IAS અને IPS અધિકારીઓ માટે, ૪૦ ટકા લશ્કરી અધિકારીઓ માટે અને ૨૦ ટકા મહાનુભાવો માટે અનામત રાખવામાં આવી હતી. દિલ્હીનાં રાજકારણીઓ ઉપરાંત ન્યાયાધીશો, ઉદ્યોગપતિઓ, ટોચના વકીલો, વેપારીઓ વગેરે જ આ ક્લબનાં સભ્યો બની શકતાં હતાં. સામાન્ય લોકો માટે શૂન્ય બેઠકો હતી. ક્લબનાં સભ્યોનાં બાળકોને ગ્રીન કાર્ડ મળ્યાં હતાં, જેનાથી તેઓ પ્રતીક્ષા યાદીમાં હોવા છતાં પણ ક્લબનો ઉપયોગ કરી શકતાં હતાં. લોકો ૩૭ વર્ષ સુધી લાઇનમાં રાહ જોતા રહ્યા, જ્યારે અંદર રહેલા લોકોનાં બાળકોએ આનંદ માણ્યો હતો.

ક્લબના મુખ્ય સભ્યોમાં રાહુલ ગાંધી, લાલકૃષ્ણ અડવાણી, ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહ, દિલ્હીનાં ભૂતપૂર્વ મુખ્યમંત્રી શીલા દીક્ષિત, ભાજપનાં નેતા મેનકા ગાંધી, લેખક ખુશવંત સિંહ જેવાં લોકો સામેલ હતાં. ઓક્ટોબર ૨૦૨૦ માં લોકડાઉન દરમિયાન પરવાનગી વિના દારૂ વેચવા બદલ ક્લબના બારનું લાઇસન્સ રદ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ૫૦ દારૂની બોટલો ગુમ થવાનો કેસ નોંધવામાં આવ્યો હતો, જેની પોલીસે નવેમ્બર ૨૦૨૧ માં તપાસ કરી હતી. એક સમયે ક્લબ સામે કોર્ટમાં ૧૦૦ થી વધુ કેસ પેન્ડિંગ હતા. રસપ્રદ વાત એ છે કે દિલ્હીના ઘણા ન્યાયાધીશો ક્લબના સભ્ય હતા, માટે તેમને કેસોથી પોતાને અલગ કરવા પડ્યા હતા. દિલ્હી જિમખાના ક્લબ ૫૦૦ થી વધુ કર્મચારીઓને રોજગારી આપે છે, જેમાં રસોઈયા, માળી, સુરક્ષા ગાર્ડ અને હાઉસકીપિંગનો સમાવેશ થાય છે. તેમનો આ ભદ્ર સમાજ સાથે કોઈ સંબંધ નહોતો, છતાં તેમની આજીવિકા તેની સાથે જોડાયેલી હતી. ૨૦૨૨ માં EPFO એ ક્લબનો મુક્તિ પામેલો EPF દરજ્જો રદ કર્યો, જેનાથી આ કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડનો મામલો જટિલ બન્યો હતો.

દિલ્હી જિમખાના ક્લબની૩૭ વર્ષની પ્રતીક્ષાયાદીને કારણે તેનું સભ્યપદ કોંગ્રેસ યુગના ઉચ્ચ વર્ગ સુધી મર્યાદિત રહ્યું હતું. ૨૦૧૦ માં ક્લબ પર નાણાંકીય છેતરપિંડીનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ૨૦૧૪ માં ભારતીય જનતા પાર્ટી સત્તામાં આવ્યા પછી તેના નેતાઓ પણ આ પ્રતીક્ષાયાદીમાં પાછળ રહી ગયા હતા. ૨૦૧૮-૧૯માં કોર્પોરેટ મંત્રાલય દ્વારા કરવામાં આવેલી તપાસમાં જાણવા મળ્યું કે સભ્યપદ અરજી ફીમાં અચાનક અને નોંધપાત્ર વધારો કરીને સરકારી કર્મચારીઓ માટે રૂ. ૧.૫ લાખ અને ખાનગી વ્યક્તિઓ માટે રૂ. ૭.૫ લાખ કરવામાં આવ્યા હતા. ૨૦૨૧ માં સરકારે આ ક્લબ ટેકઓવર કરી તે પછી પહેલી વાર આ સમીકરણ બદલાયું હતું. ૨૦૨૦ માં નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ (NCLT) એ ચુકાદો આપ્યો કે ક્લબ સરકારી જમીન પર બેસે છે, ફી વસૂલ કરે છે અને ફક્ત તેના સભ્યોનાં પરિવારોને જ સભ્યપદ આપે છે, જે લોકશાહીની ભાવનાની વિરુદ્ધ છે. ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૧ ના રોજ NCLAT એ ચૂંટાયેલા મેનેજમેન્ટને રદ કર્યું અને ક્લબ માટે ઇતિહાસ રચનારી સજા લખી. તેમાં જણાવાયું હતું કે શાહી ભૂતકાળની આડમાં સભ્યપદ ફક્ત એવાં લોકો માટે જ ખુલ્લું હતું, જેમની નસોમાં વાદળી લોહી દોડતું હતું. આ રંગભેદ સમાન હતું અને સામાજિક ન્યાયનું ઉલ્લંઘન કરતું હતું. ૧ એપ્રિલ, ૨૦૨૨ના રોજ NCLT એ અંતિમ આદેશ પસાર કર્યો, જેમાં ક્લબમાં ગેરવહીવટનો સ્વીકાર કરવામાં આવ્યો અને ૨૧ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ NCLAT એ ટેકઓવરના નિર્ણયને સમર્થન આપ્યું. ૨૦૨૬માં ક્લબને ૪૭ કરોડ રૂપિયા ચૂકવવાનું કહેવામાં આવ્યું હતું, જેમાંથી ૩૬ કરોડ રૂપિયા સુધારેલા લીઝ દર હતા.

૨૨ મેના રોજ ડેપ્યુટી લેન્ડ એન્ડ ડેવલપમેન્ટ ઓફિસર સૂચિત ગોયલ દ્વારા દિલ્હી જિમખાના ક્લબને નોટિસ જારી કરવામાં આવી હતી. તેણે ક્લબની જનરલ કમિટી અને સેક્રેટરીને જાણ કરી હતી કે ૭, લોક કલ્યાણ માર્ગ પર પ્રધાનમંત્રીના સત્તાવાર નિવાસસ્થાનની બાજુમાં ૨ સફદરજંગ રોડ પર હાલની ૨૭.૩ એકર જમીન ૫ જૂનના રોજ સરકાર દ્વારા કબજે કરવામાં આવશે. કેન્દ્રીય ગૃહ અને શહેરી બાબતોના મંત્રાલયે નોટિસમાં જણાવ્યું હતું કે ક્લબની જમીન પર ફરીથી કબજો કરવામાં આવી રહ્યો છે, કારણ કે તે મહત્ત્વપૂર્ણ સંસ્થાકીય જરૂરિયાતો, માળખાગત સુવિધાઓ અને જાહેર કલ્યાણ પ્રોજેક્ટોને પૂર્ણ કરવા માટે જરૂરી હતી, જે આસપાસની સરકારી જમીનની પુનઃપ્રાપ્તિ સાથે જોડાયેલા હતા. દિલ્હી જિમખાના ક્લબની ૨૭.૩ એકર સોનાની લગડી જેવી જમીન સંપાદન કરવા માટે સરકારે સંરક્ષણ માળખાનો ઉલ્લેખ કર્યો છે, પણ સરકારે હજુ સુધી સંરક્ષણ માળખાનો અર્થ શું છે તે જાહેર કર્યું નથી. હાલમાં આ જમીન રાષ્ટ્રપતિના નામે રહેશે, પરંતુ તેના પર શું બનાવવામાં આવશે તેની કોઈ માહિતી નથી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**કોર્પોરેટ માટે સભ્યપદ ફી ૧૫ થી ૨૦ લાખ રૂપિયા હતી અને પ્રતીક્ષાયાદીમાં બેઠેલાં હજારો લોકો પાસેથી ૪૪ કરોડ રૂપિયાથી વધુ વસૂલવામાં આવ્યા હતા, જે પરત ન કરી શકાય તેવા હતા**


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯
ઓછામાં ઓછા ૧૨ શબ્દો +(GST)
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

શૈક્ષણિક સંસ્થા માટે અંદાજિત 3,000 વાર જમીન અથવા તૈયાર સ્કૂલ
વેસુની આસપાસ 5 કિલોમીટરના વિસ્તારમાં વેચાણથી અથવા લોંગ લીઝ પર જોઇએ છે
Mo-7069408897, 9909917199

રોહાઉસ વેચવાનું છે
સોલાર તેમજ ફિક્સ ફર્નિચર સાથે. G 1.5 ફ્લોર 78, પુષ્પક સોસાયટી, ટેકરાવાળા સ્કૂલ પાસે પાલનપુર પાટીયા રાંદેર રોડ
9825511699

દુકાન વેચવાની છે
G/4 ગ્રાઉન્ડ ફ્લોર 378 સ્કે. ફિટ સંગીત સરિતા કોમ્પલેક્ષ સ્નેહ સંકુલ વાડી પાસે, આનંદ મહેલ રોડ, અડાજણ
9825511699

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**મહાદેવ ટુર એન્ડ**
ટ્રાવેલ્સ. (ગળતેશ્વર, ડાકોર) (દ્વારકા, સોમનાથ) (ઉજ્જૈન, ઓમકારેશ્વર) (મહારાષ્ટ્ર જ્યોતિર્લિંગ) (આબુ, અંબાજી) (શિરડી, સાપુતારા) 8238872861, 7802062340 (119)

વ્યવસાયીક ધંધાકીય

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**જયશ્રી ટિફિન સર્વિસ**
અડાજણમાં 3 કિલોમીટરનાં વિસ્તારમાં ફ્રી ડીલીવરી ટિફિન સર્વિસ મળશે 7862097277 (117)

**ઘરબેઠા TV, LCD**
LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં. દામિની ઈલેક્ટ્રનિક્સ, અડાજણ. 9898302700.

નોકરી વિષયક

**અમારે સાફ સફાઈ**
થતા બાથરૂમ ધોવા માટે મહિલા કે પુરુષની જરૂર છે સમય સવારે 8 વાગેથી સાંજે 5 વાગે સુધી પગાર વ્યવસ્થિત આપીશું. મો. નં. 9429618212

**E Commerce**
માટે 1 Female candidate જોઈએ છે Qualification bachlor- 8460279559 (120)

**લોનની કંપની માટે**
ટેલીકોલર છોકરી જોઈએ છે ફુલટાઈમ Location: નાનપુરા સુરત મો:- 9586817707 (118)

**ગુજરાત સ્ટેટ એઈડ્સ**
કંટ્રોલ સોસાયટીના અનુદાનિત સંસ્થા આદર્શ મહિલા મંડળ ટી. આઈ પ્રોજેક્ટ માટે હંગામી ફિક્સ પગારથી નીચે મુજબ જગ્યા ભરતી કરવાની હોવાથી આઉટરીચ વર્કર- 2 લાયકાત: ૧૨ પાસ / સ્નાતક પગાર ૧૦,૫૦૦/ ટી.એ- ૧૫૦૦/- ઈન્ટરવ્યુ તારીખ:- ૦૩/૦૬/૨૦૨૬ ઈન્ટરવ્યુ સમય:- ૧૦:૦૦ થી ૧:૦૦ સરનામુ:- ૨૧૬, તેજલ પાર્ક, જ્ઞાનદિપ સ્કૂલની સામે, અમરોલી ચાર રસ્તા, અમરોલી, સુરત મો.- 9727587782

**જોઈએ છે**
ઘરકામ કરે એવા બહેન અથવા છોકરી પાર્લેપોઈન્ટ એરીયા ડોક્ટર સંજીવ શાહ, 42, જલદર્શન સોસાયટી, ઉમરીગર સ્કૂલની બાજુમાં, ઉમરા, સુરત- 395007. Mobile: 9825097763

**જોઈએ છે**
રાઉન્ડ પરસન, ફ્લેબોટોમિસ્ટ, લેબ ટેક્નિશિયન. યુનિપેથ લેબ અઠવાગેટ. 9824981741 (123)

**જોઈએ છે**
ચોખાના વેચાણ માટે અનુભવી સેલ્સમેન Mo. 9904732200, 9825163659

**ડેન્ટલ માટે**
અનુભવી સ્ટાફ જોઈએ છે. ઉગત, કેનાલરોડ. સંપર્ક કરો... 9664517181

**વેસુમાં CAની ઓફિસ**
માટે Tally Income Tax (Genius), GST માટે Experienced Staff Whatsapp 9825481248

**આઈસ્ક્રીમ પાર્લરમાં**
સુરત અનુભવી ઓપરેશન પર્સન અને અનુભવી ટી, કોફી, મિલ્કશેક જ્યુસ મેકર જોઈએ વધુ માહિતી માટે સંપર્ક કરો 9712907552

મિલ્કત વેચવાની છે

**U G. 26, દુકાન**
વેચાણથી આકાશ બિઝનેશ સેન્ટર પીપલોદ, Mo. 9033160362.

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.